R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 58 Issue No.4

JULY - 2014

## ખુશી

આપ સંસારના તમામ સુખ-દુઃખથી અલિપ્ત રહી શકો છો, તેવી સાધના મારે કરવી છે. તેવી માગણી કરનાર ભક્તની સામે નજર ફેરવીને એકનાથે કહ્યું. ભાઈ, આવી સાધના કરવા જેટલો વખત હવે તમારી પાસે નથી. આજથી બરાબર સાતમા દિવસે તમારું મૃત્યું થવાનું છે. સાંભળનારના હોંશકોશ ઊડી ગયા. ખાવું, પીવું, કમાવું, ભોગવવું, કશામાં મન લાગે નહીં, સામે સતત મોત ઝળૂંબતું દેખાય. આખો સંસાર અને તમામ સાંસારિક પ્રવૃત્તિઓમાંથી મન ઊઠી ગયું. મરવાનું જ છે તે પછી ખોટું કરીને અથવા સંબંધો બગાડીને શા માટે જવું તેવાં વલણને કારણે તેના વર્તનમાં પ્રામાણિકતા અને વાણીમાં મીઠાશ આવી. બધા જોડે હેતપ્રીતથી વર્તવા લાગ્યો. વ્યવહારમાં સમતા આવી. આઠ દિવસ પૂરા થયા. મરણ આવ્યું નહીં તેથી ખુશીથી છલકાતો તે એકનાથ પાસે પહોંચ્યો. આપની ભવિષ્યવાણી ખોટી પડી, હવે મને સાધનાનો માર્ગ બતાવો. એકનાથે કહ્યુંઃ આ જ સાધના છે. સંસારમાં જે કંઈ છે તે બધું અનિત્ય છે. ગમે તે ઘડીએ વ્યક્તિનો, સંપત્તિનો, સંબંધોનો નાશ થઈ જાય છે. મોત સાથે જ છે તેમ સમજીને કામ કરીએ તો સુખ-દુઃખથી અલિપ્ત થઈ શકાય.

- સંકલન

# Shree Balasinor Navyuvak Sangh

## We still require 2 more donors for
## Rs 25,00,000/- (TWENTY FIVE LAC)
## whose photo will be framed at hall & Units of Rs 11,00,000/- & more, names will be engraved in metal plate at hall

We on behalf of Shree Balasinor Navyuvak Sangh Managing Committee, an organization that is working for providing educational, Medical,development & entertainment activities for Balasinor community . We feel that this drive should be supported by generous donors, for better facility provision for our members. Our organization is dedicated to the process of realizing this dream true but we need your help.

Your donation will bring us closer to our goal. Many business and community leaders are on board as well as hundreds of individuals. Our community is clearly excited and eager to see this project succeed. You can be a part of that excitement by supporting our youth with a donation. We will be happy to acknowledge your donation.

We would like to thank you for considering this opportunity to partner with our organization for raising funds. If you have any queries regarding our organization, our fund management policy, or the project itself, please feel free to contact our President Shri Kalpesh Suresh Dharia (Balbal) on cell 09820183907 or on mail id indirecttax@khassociates.co.in

Thank you,

Shri Kalpesh Suresh Dharia (President)
Shri Saumil Jitendra Mody (Vice President)
Shri Bhavesh Bipin Mody (Secretary)
Shri Jasmine Bipin Sheth (Jt.Secretary)
Shri Nilesh Navnitlal Shah (Jt.Secretary)
Shri Nikesh Jayendra Gandhi (Treasurer)
Shri Daxesh Babulal Kadakia (Hon.Member)
Shri Yogesh Ramniklal Dharia (Hon.Member)
Shri Rajendra Kirtanlal Desai (Hon.Member)
Shri Vrajesh Navnitlal Desai (Hon.Member)
Shri Rajnikant Kantilal Kadakia (Dhariwala)
Shri Pravinchandra Koderlal Shah (P.K.)

Shri Rasikbhai Sankerlal Mody (Dev)
Shri Rajnikant Kantilal Kadakia (Latkari)
Shri Pravichandra Poonamchand Kadakia
Shri Pravinchandra Occhavlal Desai(Dedki)
Shri Pradeep Pravinchandra Kadakia
Shri Dilipbhai Muljibhai Dharia(Lalkha)
Shri Pankaj Kantilal Dharia(Lalkha)
Shri Kartik Rasiklal Kadakia
Shri Hemendra Ramanlal Shah (Chakva)
Shri Jigar Manikant Kadakia
Shri Alpesh Yogendra Dharia

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૮ | ૪ | ૨૧-૦૭-૨૦૧૪ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ

જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

ફોન : ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


**તંત્રી મંડળ તરફથી**

# ગુરુપૂર્ણિમા

**– બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

અત્યારે પૂનમના તહેવારોની વણઝાર ચાલી રહી છે. બુદ્ધિ પૂર્ણિમા, વટસાવિત્રી વ્રત, ગુરુપૂર્ણિમા-વ્યાસ પૂર્ણિમા, નાળિયેરી પૂર્ણિમા (રક્ષાબંધન) શરદપૂર્ણિમા, વગેરે. અષાઢ સુદ પૂનમનો દિવસ ગુરુપૂર્ણિમા તરીકે ઓળખાય છે.

**ધન્ય આજ ઘડી સંત પધાર્યાં પ્રેમે પાવન કીધાં**
**અમે એમનાં પગલાં પૂજ્યાં, આંખ ભરીને પીધાં,**
**હૈયું તો થયું બાગબગીચો**
**બોલે કોયલ મોર**
**એકાએક સાવ શમી ગયો રે**
**કાળો શોરબકોર**
**તમે અમારા વનને આજે, આજે ધન વૃંદાવન કીધાં**
**ધન્ય આજ ઘડી સંત પધાર્યા, પ્રેમે પાવન કીધાં.**

**-કવિશ્રી સુરેશ દલાલ**

ભારતના વેદવ્યાસ, યાજ્ઞવલ્કય, વશિષ્ઠ, વિશ્વામિત્ર, દ્રોણાચાર્ય, વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ વગેરે સંતો, ઋષિમુનીઓ, ગુરુઓએ પ્રાચીન ભારતની સંસ્કૃતિ ઘડી છે. વિનોબાજી ગુરુના ત્રણ લક્ષણો જણાવે છે. ગુરુ આચાર્ય શીલવાન, પ્રજ્ઞાવાન અને કરુણાવાન હોવા જોઈએ. ગુરુ વિદ્યાઓનું ઘડતર અને ચણતર બંને કરે છે. ભારતના ભાવિ નાગરિકોને તૈયાર કરવાનું મોટું ઉત્તરદાયિત્વ ગુરુઓના હાથમાં છે.

ગુરુપૂર્ણિમા એટલે ગુરુને પ્રણામ કરવાનો, દંડવત પ્રણામ કરવાનો શુભ દિવસ. ગુરુએ બતાવેલા માર્ગ માટે ગુરુનો સહૃદય આભાર માનવાનો પવિત્ર દિવસ. ગુરુ પ્રત્યે હંમેશા શ્રધ્ધા, આદર, સન્માન તેમજ નમ્રતાપૂર્વક સેવાભાવ રાખવો જોઈએ, સંતો, ગુરુની

નજીક રહેવાથી ભક્તિરસમાં વધારો થાય છે. ગુરુ માટે જાતિ, કુળ એવા કોઈ નિયમ નથી. ગુરુ નિષ્કામ હોવો જોઈએ. જે પુરુષમાં ગુરુની યોગ્યતા હોય તેનાથી ગુણ ને ગ્રહણ કરવો જોઈએ. ગુરુ દત્તાત્રેયના ચોવીસ ગુરુઓ હતા. જેના મનમાં શત્રુ અને કોઈ મિત્ર નથી, જેને માત્ર પ્રભુમાંજ રસ છે, જે મન, કર્મ અને વચન માત્રથી જ ચાલે છે, જેણે નામ, રૂપ મિથ્યા કર્યું છે એવા ગુરુનો, સંતનો કે સાધુનો સત્સંગ કરવાથી ભવસાગર પાર ઉતરાય છે.

ઊઠો, જાગો અને જ્ઞાની ગુરુઓને પ્રાપ્ત કરી આત્મજ્ઞાન મેળવો. હે સર્વવ્યાપક પરમાત્મા અમારી બંનેની (ગુરુશિષ્યની) રક્ષા કરો, અમે સાથે મળીને ભોગ પ્રાપ્ત કરીએ, એમ બન્ને એક સાથે મળીને પુરુષાર્થ કરીએ. અમારી વિદ્યા તેજસ્વી બનો. અમે એક બીજાનો દ્વેષ ન કરીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પાણી થી શરીર, સત્ય થી મન, વિદ્યા અને તપ થી જીવ અને આત્મજ્ઞાન થી બુદ્ધિ શુધ્ધ થાય છે. સત્યનો જ જય થાય છે. અસત્યનો નહીં. કૃતાર્થ બનેલા ઋષિઓ જે માર્ગથી જાય છે અને જ્યાં સત્યનું નિધાન-સ્થિતિ છે એવો દેવમાર્ગ આપણા માટે સત્ય દ્વારા જ ખૂલે છે. જેની પરમાત્મામાં અવિચળ ભક્તિ છે અને તેવી જ ભક્તિ ગુરુમાં છે તે મહાત્માના ચિત્તમાં આત્માસંબંધી કરેલા વિચાર સ્પષ્ટપણે પ્રકાશમાન, અનુભૂતિગોચર થઈ જાય છે. પૂર્ણ પણે પ્રકાશે છે. જેમ જેમ મનુષ્ય કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરે છે. તેમ તેમ એના સર્વ પુરુષાર્થો સફળ થતા જાય છે. નિરંતર પુણ્ય કરનારની પ્રજ્ઞા વધે છે અને પ્રજ્ઞાની વૃદ્ધિ થતાં મનુષ્ય સદા પુણ્યપરાયણ જ રહે છે.

ગુરુ તે જ બ્રહ્મા, ગુરુ તેજ વિષ્ણુ, ગુરુ તે જ હમેશનાં સાક્ષાત્ સ્વરૂપ સમાન છે. તે ગુરુને મારા લાખ લાખ વંદન.

✤✤✤✤✤


**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
**શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત**

COMPUTER COURSE

## કોમ્પ્યુટર શિક્ષણ યોજના

COMPUTER COURSE

જત જણાવવાનું કે સંસ્થાએ Software Academy (પ્રાર્થના સમાજ)/ M/S. Raj Software Techonology (India) LTD. (**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E)), સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે.

આ યોજના માટે સંસ્થામાં / સંયોજક પાસે ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

વધારે માહિતી માટે સંયોજક અલ્પેશ યોગેન્દ્ર ધારીઆનો સંપર્ક કરવો.

**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** - ટેન. ૨૩૪૨૧૭૬૫/ ૨૩૪૩૬૮૯૮/ ૯૮૩૩૮૬૭૬૦૧

Bharat Asbestos & Rubber Co., 137 Narayan Dhuru Street, Ground Floor, Mumbai - 400 003

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

**મન કરે તો મન મૂકી ભીંજાઈ જા**
**આમ ટીપા ઓ ન ગણ વરસાદમાં**

# ચાલ વરસતા જઈએ

**- દેવાંગ રાજેન્દ્ર મોદી**

મોસમના પહેલા વરસાદના પહેલા છાંટા જેનો હાથ ઝાલીને ભીંજાવવાનું આપણને મન થાય એજ આપણો સાચો પ્રેમ અને આમ પણ પહેલો વરસાદમાં ભીંજાવાનું કોને મન ન થાય. ખરેખર તો હૃદયમાં લીલીછમ્મ કૂંપળો ફૂટવી જોઈએ ખરૂને !

ધીરો વરસાદ જ્યારે વરસે છે ત્યારે ઝાડ, ડુંગર, નદી, નાળા, અગાસી કોઈને નથી છોડતો આપણી બારીમાં આવીને બધાય સંદેશા આપે છે. મોસમને માણવાની એક નવી દિશા દર્શાવે છે. છતાં આપણે એકનો પણ જવાબ નથી આપી શકતા અને વરસાદ એટલે તો બહારથી પલળવાની અને અંદરથી ભીંજાવવાની ઋતુ, વાદળોની ગડગડાટી થાય, આભમા વીજળી સળવળે, સાગરમાં લહેરો ઉડે, બારેમેઘ ખાંગા થાય અને લાગણીઓના ઘોડાપૂર ઉમટે આવા ધીંગા વરસાદ સાથેતો મસ્તી કરીને જ દોસ્તી બંધાય.

બહાર છાપરા પર ટપટપ વરસતો વરસાદ ક્યારેક જુની યાદો પણ તાજી કરી દે છે. આ યાદોને રીવાઈન્ડ કરૂતો એક એવી ઘટના યાદ આવે છે જેને તમારી સાથે ચોક્કસ શેર કરવાનું મન થઈ જાય છે. વર્ષો પહેલાં હું કોલેજમાં ભણતો અને સાથે સાથે જોબ પણ કરતો એક વખત આવીજ કોઈક વરસાદી સવાર હતી કોલેજની બહાર મિત્રો સાથે અમે સૌ ઉભા હતા. બહાર સરસમજાનું વાતાવરણ હતું. વાદળો ઘેરાયેલા હતા અને હાથ પરની ઘડિયાળ સમય દર્શાવતી હતી. ઓફિસે પહોંચવા ટ્રેન પકડવાની હતી. એમા મારા એકમિત્રે મને કહ્યું ચલો એક એક કપ ચાય પીકે જાતે હૈ મે એને ના પાડી તો મને કહે દેવાંગ 'મૌસમકી નજાકત તો દેખ' બસ આ એકજ શબ્દ એ મને જીવન જીવવાની સાચી સમજ આપી દીધી છે. ત્યારબાદ વરસતા વરસાદમાં મિત્રો સાથે ભીજાઈને ચહા-નાસ્તો કર્યો એ બધા મિત્રો આજે પોત પોતાની દુનિયામા વ્યસ્ત છે. પણ તેમની સાથે માણેલી એ પળો આજે પણ વરસતા વરસાદમાં સાંભરી ઉઠે છે. ને મનના એક ખૂણામાં સ્મૃતિઓને રોમાંચિત કરી દે છે.

મિત્ર એ કહેલું એક વાક્ય મૌસમકી નજાકત તો દેખ એ મારો જીવન મંત્ર બનાવ્યો છે. જીવનમા મળતી નાની નાની ક્ષણો નો પણ એક આનંદ હોય છે. કુદરતે ખોબલે ખોબલા ભરીને આપણને આપ્યું છે એ આનંદ એ મજા માણી લેવાની ક્ષણોજ આપણી પોતાની બની રહે છે. આજે પણ ક્યારેક મિત્રો મળીએ છીએ, ત્યારે કોઈક મિત્ર જલ્દી જવાની ઉતાવળ કરે છે તો એની સાથે મસ્તી કરતા કહી દઉં છું. મૌસમકી નજાકત તો દેખ અને મિત્રો પણ હસતા હસતા આનંદ માણી લે છે. તમારા બાળકોને પણ વરસાદમા ભીંજાવા દો એને શરદી કે શાળાનો ડર ના બતાવો કાગળની એની બનાવેલી એક હોડી વરસાદમાં તરવા દો !

ફેસબૂક કે વ્હોટસઅપ પર સમય પસાર કરવાનો અને વ્યસ્ત રહેવાનો નૂસખો તો આપણે અપનાવી લીધો છે. પણ ખરેખર તો આપણે જ આપણા સાચામિત્ર બનવાનું છે. ગમતી મોસમમાં કે ગમતા માણસોના મેળામાં મહાલવાનું છે ક્યારેક મિત્રો સાથે કે પ્રિયપાત્ર સાથે હાથ પકડીને વરસતા વરસાદમાં ભીંજાઈ જવાનું અને કહી દેવાનું વરસાદ તારા નામ પર આજે નથી જાવું બસ કોઈનાય કામ પર અલ્યા ધીંગા ! વરસાદ તારા નામ પર.

તો ચાલો જ્યાં પણ જ્યારે પણ તમને તક મળે તો

**'મૌસમની નજાકત માણી લેજો !'**
**હળવેથી રોજ તમે વરસો છો**
**હવે ધોધમાર વરસો તો કેવું ?**
**બારી ઉઘાડીયે તો આવે અજવાળુ**
**હવે, બારણું ઉઘાડીયે તો કેવું ?**

**ભાગ્યેશ જહા !**

# સદ્ગુરૂ

**- રાજેષ કડકીઆ (યુ.એસ.એ.)**

મનની શક્તિ માત્રથી આ વિશ્વમાં કાંઈજ અશક્ય નથી. માનવી કૃતનિશ્ચયી બને એટલે કે તેનામાં મનની શક્તિ હોય અને તેમાંય જો સદ્ગુરૂની કૃપા ભળે તો સઘળું સંભવ અને શક્ય બને છે. માનવીનું એ એક એવી અલૌકિક શક્તિ છે જે ઈશ્વરનું જ એક માત્ર સ્વરૂપ છે. ઈતિહાસ ગવાહ છે કે એક સામાન્યમાં સામાન્ય માનવી પણ વિશ્વમાં ક્યાંથી કયાં પહોંચી શકે છે. આપણે સહુ શનિદેવ નામનાં ગ્રહથી ખૂબ જ ગભરાઈએ છીએ. આ જગતમાં કોઈપણ માનવી સામાન્ય માનવી નથી. તમામ વ્યક્તિ અસાધારણ છે. જગતની તમામ વ્યક્તિઓમાં ઈશ્વરીય શક્તિ રહેલી જ હોય છે તેવો ઉલ્લેખ ભગવદ્ગીતામાં કરાયો છે. આ માટે આપણે ફક્ત આપણી જાતને જ ઓળખવાની જરૂર છે અને આ કાર્ય માત્ર સદ્ગુરૂની કૃપાથી જ શક્ય બને છે. સદ્ગુરૂએ ઈશ્વર અને જીવ વચ્ચેનો સેતુ માત્ર છે. જીવનો શિવ સાથેના મિલનની મહત્વની ભૂમિકા ભજવે છે. આ ભૂમિકાનું માધ્યમ ગીતા મંત્ર છે. આ વિશ્વમાં જેટલાં ધર્મો રહેલા છે તે તમામમાં મંત્રોજ કેન્દ્રસ્થાને રહેલાં છે.

માનવીના મનનું તારણ કરે તે મંત્ર કહેવાય. મહાભારતમાં યુદ્ધ દરમ્યાન અર્જુન નાસીપાસ થઈને યુદ્ધભૂમિ છોડી જવા તત્પર થયો હતો ત્યારે ભગવાન શ્રી કૃષ્ણએ આવા કસોટીનાં કપરા સમયે ભગવદ્ગીતાનાં રૂપમાં એક મંત્ર જ અર્જુનને આપ્યો હતો. આ મંત્ર જ આખરમાં સમગ્ર વિશ્વને જ્ઞાન પુરું પાડનાર શ્રીમદ્ ભગવદ્ગીતા તરીકે ઓળખાયો. મંત્ર જ્ઞાન મેળવતાજ અર્જુન યુદ્ધભૂમિમાં હારમાંથી બેઠો થયો અને આખરે તે વિજેતા બન્યો હતો.

આપણાં ધર્મગુરૂઓ ભારતીય ધર્મના પાયાનાં શાસ્ત્રોનું સાચું જ્ઞાન આપી લોકોની અજ્ઞાનતા દૂર કરી તેઓને મનોવાંચ્છિત અપેક્ષિત સફળતા સુધી પહોંચાડે છે. સામાન્ય રીતે જોવા જઈએ તો આ જગતમાં કશું ય અસંભવ નથી. અસંભવમાંથી માત્ર 'અ'શબ્દ કાઢી નાખવાથી 'સંભવ' જ શેષ રહે છે. હંમેશા એવું ધ્યાનમાં આવ્યું છે કે તંત્ર વિદ્યા ખોટી નથી પરંતુ હા તાંત્રિકો ક્યારેક ખોટા પૂરવાર થઈ શકે છે. ભગવાન શિવ દ્વારા ઉપદેશાયેલી વિદ્યાજ તંત્રવિદ્યા છે. આ વિદ્યાની મદદથીજ મનુષ્યઆ સંઘર્ષમય અને જટિલ જીવનમાંથી ઉન્નતિના માર્ગે શીઘ્રતાથી પહોંચી શકે છે. નરવાઁણ મંત્રનો જાપ કરવાથી દરેક કાર્યમાં સફળતા જરૂરથી પ્રાપ્ત થાય છે. શત્રુ વિજય, કોર્ટ, કચેરીના પ્રશ્નોથી મુક્તિ મેળવવા આવા તંત્રની વિદ્યાની આરાધના સફળતા અપાવે છે.

અંતમાં જીવનમાં ડગલે ને પગલે કંઈને કંઈક વિધ્નો અંતરાય નડતા જ રહે છે. આમ આદમી આવી કંઈક સમસ્યાઓનો સામનો કરતાં નીડરતાપૂર્વક ઝઝૂમે તો જરૂરથી સફળતા પ્રાપ્ત કરી શકે છે. જરૂર છે ફક્ત દૃઢ મનોબળ, આત્મવિશ્વાસ તથા ભરપૂર પરિશ્રમની પછી જુઓકે કોઈની મજાલ છે કે આપને સફળ થતાં રોકી શકે. યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે. **અસ્તુ**

**જ્યોતિપુંજ અંગે અગત્યની સુચના:-**

સમાજની સર્વ સંસ્થાઓના પ્રમુખ, હોદેદારોને નમ્ર વિનંતી કે આપની સંસ્થાની માહિતી જ્યોતિપુંજમાં પ્રગટ કરવા માટે મહિનાની છેલ્લી તારીખ સુધીમાં મોકલાવી દેવી. તે જ પ્રમાણે સર્વ જ્ઞાતિજનોને નમ્ર વિનંતી કે આપની કૃતિઓ, માહિતીઓ મહિનાની છેલ્લી તારીખ સુધીમાં મોકલાવી દેવી.

ત્યારપછી આપેલી તમામ વિગતોનો બીજા મહિનાના અંકમાં સમાવેશ કરવાની ગણતરીમાં લેવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

## ના તેરા, ના મેરા

ના કોઈ તેરા, ના કોઈ મેરા,
શ્રીજીકા યે ખેલ નીરાલા,
ખાલી હાથ, આયો જગમેં,સબ છોડકે જાના જગસે,
કુદરતકા યે ખેલ અનોખા
મેરે સમજમેં, કછુ નહિ આયા... ના કોઈ ...
યે દુનિયા, મતલબકી યારો,
પાસ હોતે હુવે મનસે અધુરો
કામ ઐસા કરતા જા બંદે,
નામ તોરા અમર હો જાવે.
આખીર સબ કુછ, છોડકે જાના,
તું જાવેગા, જગ રોવેગા... ના કોઈ (૨)

**ચાંદશા – ચંદ્રકાંત શાહ (ચટઈ)**

## બહુ મજાનું અને શીખવા જેવું

બે સ્ત્રીઓ ઓફીસમાં બેસીને વાતો કરતી હતી

પહેલી સ્ત્રીઃ ગઈકાલની સાંજ મારા માટે યાદગાર રહી, તારી ?

બીજી સ્ત્રીઃ એક દુસ્વપ્ન. મારા પતિ ઘેર આવ્યા, ફટાફટ જમ્યા અને સુઈ ગયા. તે શું કર્યું ?

પહેલી સ્ત્રીઃ અરે બહુજ મજા આવી! મારા પતિ ઘેર આવ્યા અને મને એક રોમેન્ટિક ડીનર માટે લઈ ગયા. જમ્યા પછી અમે એક કલાક વોક કરી ઘેર આવ્યા પછી એમણે આખા ઘરમાં મીણબત્તીઓ સળગાવી. મને તો આ બધું પરીકથા જેવુ લાગતું હતું !

બરાબર એક સમયે એ સ્ત્રીઓના પતિઓ પોતાની ઓફિસમાં વાત કરી રહ્યા હતા.

પતિ૧ : કાલની સાંજ કેવી રહી ?

પતિ૨ : એકદમ મસ્ત! હું ઘેર ગયો, જમવાનું તૈયાર હતું હું જમીને સુઈ ગયો, તે શું કર્યું ?

પતિ ૧ : એક દુસ્વપ્ન! હું ઘેર ગયો તો રસોઈ તૈયાર નહોતી, કારણ પૂછયું તો ખબર પડી કે હું બિલ ભરવાનું ભૂલી ગયો હતો એટલે મારા ઘરનું લાઈટનું કનેક્શન કપાઈ ગયું હતું. અમે જમવા બહાર ગયા તો ભોજન એટલું બધું મોંઘુ હતું કે ઘેર આવવાના પૈસા જ બચ્યા નહિ ચાલતા પાછા આવવું પડયું, એક કલાક ચાલીને અમે ઘેર આવ્યા પછી યાદ આવ્યું કે ઘરમાં તો લાઈટો જ નથી એટલે મારે આખા ઘરમાં મીણબત્તીઓ સળગાવવી પડી!!!!

**મોરલઃ**

તમે વાતને બીજાઓ આગળ કેવી રીતે રજુ કરો છો એજ મહત્વનું છે સચ્ચાઈ ગમે તે હોય.

## અશક્ત, વૃદ્ધ અને વરિષ્ઠ નાગરિક વૈષ્ણવો માટે શ્રીનાથજીના દર્શન

શ્રી નાથદ્વારાના મંદિરમાં અશક્ત, વૃદ્ધ અને વરિષ્ઠ વૈષ્ણવો માટે, બધા જ સમાનાં દર્શન કરવા માટે, ખાસ વ્યવસ્થા મંદિરના વહીવટકર્તાઓએ કરી છે.

આ વ્યવસ્થા મંદિરના મુખ્ય દરવાજા પાસે, ગોવર્ધન ચોકમાં નગારખાના નજીક એક બાજુના ખુલ્લા હોલમાં કરવામાં આવી છે. આ હોલમાં થોડાક બાંકડા મૂકેલા છે. પંખા-લાઈટની સગવડ સાથે.

ઉપર મુજબના વૈષ્ણવોએ આવીને બાંકડા પર બેસવાનું - દર્શન ખૂલ્યા બાદ દર્શન માટે મંદિરની અંદર લઈ જવા માટે ખાસ સિક્યોરીટી મૂકવામાં આવી છે. દર્શન ખૂલ્યા પછી થોડીક ગીર્દી ઓછી થયા બાદ, સિક્યોરીટી આવીને બાંકડા પર બેઠેલા બધા જ વૈષ્ણવોને મંદિરની અંદર ભગવાનનાં દર્શન કરવા શાંતિથી લઈ જાય છે, અને ભગવાનને સન્મુખ થવાની તદ્દન નજીકમાં, આ વૈષ્ણવોને સિક્યોરીટી સાથે લઈ જઈ, બધાને થોડાક સમય માટે દર્શન કરાવે છે. આ દર્શન બધા જ વરિષ્ઠ નાગરિકો, અશક્ત અને વૃદ્ધ વૈષ્ણવો શાંતિથી કરે છે. આ સમય દરમ્યાન મંદિરના સિક્યોરીટી, મંદિરમાં ગીર્દી ન થાય તેનું પુરતું ધ્યાન રાખે છે. હાલ પુરતી આ વ્યવસ્થા ઘણી જ સારી છે અને ભવિષ્યમાં તેમજ મોટા તહેવાર-ઉત્સવના દિવસોમાં પણ આ વ્યવસ્થા ચાલુ રહે તેવું બધા ઈચ્છે છે. આ ઉત્તમ અને સુંદર વ્યવસ્થા કરવા ચાલુ રહે તેવું બધા ઈચ્છે છે. આ ઉત્તમ અને સુંદર વ્યવસ્થા કરવા માટે નાથદ્વારા ટેમ્પલ બોર્ડના વહિવટકર્તાઓનો અને મંદિરના સ્ટાફ અને બધા સિક્યોરીટીનો ખુબ ખુબ આભાર.

**રમેશ એલ.ધારીયા વકીલ**

**સ્વાનુભવના આધારે આ માહિતી આપી છે.**

## રાધાજી

રાધે રાધે રાધે બોલો
મનના તરંગોમાં ભક્તિ ભાવ ભરો
રાધા બોલે કૃષ્ણ કૃષ્ણનું નામ
કૃષ્ણ હૃદય રાધા જ રાધા
રાધા તો શ્યામ દુલારી
કૃષ્ણ રાધા જૂલે કુંજવિહારી
વેદવ્યાસ સર્વે સબ સંતો
કરે રાધાના બહુ ગુણગાન
રાધા વગર વૃંદાવન સુનુ
રાધા તો છે એક શક્તિમહાન
રાધા રાધા બોલતા ધરા
સઘળે દીશે કૃષ્ણની લીલા
કૃષ્ણ વિના કુંજઉપવન સુના
રાધા વિના રાસલીલા નકામી
રાધાના ઝાંઝરે મોર મલકાય
કૃષ્ણની વાંસળીએ ઉપવન મ્હેંકાય
ઝાંઝરના નાદે પેલી વેણુ વાગે
ધન ધન ધેનૂ દોડી દોડી આવે
કૃષ્ણ રાધામાંજ સમાણી
રાધા શ્યામ થી સોહાણી
બોલો રાધે રાધે રાધે

**-ઈન્દુ રોહિત દેસાઈ**

## જ્યોતીપુંજ અંગે અગત્યની સુચના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ **જ્યોતિપુંજ**નું પોસ્ટીંગ દરેક મહિનાની તારીખ ૨૦ અથવા ૨૧ એ કરે છે. જે વ્યક્તિને સમયસર જ્યોતિપુંજ ન મળતુ હોય તે પોતાના સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરે. સંસ્થા દર મહિનાની ૨૧ મી તારીખે વેબસાઈટ **www.balasinor.org** પર જ્યોતિપુંજ અપલોડ કરે છે તેની નોંધ લેશો. **મંત્રી : ભાવેશ મોદી**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ - સંચાલિત

# શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી) પુરસ્કૃત ટેલીફોન ડીરેકટરી ૧૧મી આવૃત્તી

આ વર્ષે સંઘે ટેલીફોન ડીરેકટરીની ૧૧મી આવૃત્તીનું પ્રકાશન કરવાનું નક્કી કર્યું છે. જે માટે આપ સૌના સાથ અને સહકારની અપેક્ષા.

મુંબઈ બહાર તથા વતન ખાતે અને પરદેશ રહેતા કુટુંબીજનોને વિનંતી કે આપના સગા વ્હાલા જે મુંબઈ રહેતા હોય તેમને હસ્તે અમને ફોર્મ ભરી મોકલશો.

આપણી દીકરીઓ જે પરનાતમાં પરણી છે એમના નંબરો તથા તેઓના પિતાના નામ અમને જણાવવા વિનંતી. પરણેલા દીકરાઓના ફોર્મ અલગથી ભરવાના રહેશે.

આ સાથેનું ફોર્મ વહેલી તકે અમને પહોંચાડવા વિનંતી છે. જરૂર હોય તો ફોર્મની કોપી કાઢીને ભરી શકાય છે. આપ જેટલી ઝડપથી વિગતો મોકલશો એટલી જલ્દી અને ડીરેકટરીનું કામ શરૂ કરી શકીશું.

**આ ડીરેકટરીમાં થોડી જાહેરખબર પણ લેવામાં આવશે. જેના દર આ પ્રમાણે છે.**

**(All Advertisement in 4 Colours)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Back Cover Page** | - | **Rs. 31,000/-** | **Back First Page** | - | **Rs. 15,000/-** |
| **Front First Page** | - | **Rs. 15,000/-** | **Back Second Page** | - | **Rs. 12,500/-** |
| **Front Second Page** | - | **Rs. 12,500/-** | **Back Third Page** | - | **Rs. 10,000/-** |
| **Front Third Page** | - | **Rs. 10,000/-** | **Lable Tag** | - | **Rs. 7,500/-** |

**ડીરેકટરી માટે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧-૮-૨૦૧૪ રાખેલ છે. તેની સર્વેએ નોંધ લેવી.**
**આ માટે આપનો સાથ અને સહકાર ખુબ જ જરૂરી છે. કે જાહેરખબર આપવા સંયોજકનો સંપર્ક કરવો .**

### ફોર્મ આપવાના સ્થળો :

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ :** ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ - ૪૦૦૦૦૪.
**ફોન : ૨૩૮૮૭૦૦૬૨) અથવા ઈમેઈલ કરો આના પર** **balasinor.navyuvaksangh@gmail.com**

૨) **નવભારત ટ્રેડીંગ કું. :** ૩૩, દેવકરણ મેન્શન કમ્પાઉન્ડ, યુનીયન બેંક ઓફ ઈન્ડીયાની બાજુમાં, લુહાર ચાલ, મુંબઈ - ૨.
**ટે.નં. ૨૨૦૧૮૩૨૬**

૩) **શૈલેશ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ :** ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ - ૩.
**ટે.નં. ૨૩૪૦૦૫૦૨**

૪) **દોશી અજય પ્રવીણચંદ્ર :** બી-૧૨, નવરીલપવાની, લલ્લુભાઈ પાર્ક રોડ, (Ext.1) ઈરલા, વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ - ૫૬.
**ટે.ને. ૨૬૨૦૩૧૭૪**

૫) **કડકીઆ ગોપાલ રમણલાલ :** ૫/૫૦૧, જ્ઞાન દર્શન, એસ.વી.પી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ- ૬૭.
**ટે.નં. ૨૮૦૭૧૪૦૬**

૬) **નીલેશ નવનીતલાલ શાહ:** સી-૧૪, સરદાર સ્મૃતી, એસ.વી.પી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૯૨.
**ટે.નં. ૨૮૯૨૬૪૯૧**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ - સંચાલિત
## શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી) પુરસ્કૃત
## ટેલીફોન ડીરેકટરી ૧૧મી આવૃત્તી

# જાહેર ટેન્ડર

આ વર્ષે ટેલીફોન ડીરેકટરી પ્રકાશીત કરવાનું નક્કી કર્યું છે. આ માટે જાહેર ટેન્ટર કાઠવાનું નક્કી કર્યું છે. એમાં એમાં રસ ધરાવતી વ્યક્તિઓ માટે જાહેર ટેન્ડર નીચે મુજબ છે.

### ટેન્ડરની વિગતો

1) Total Pages - 200(+/-) 5%
2) Paper Size - A5
3) Paper Quality - Simplex Maplitho
4) Paper Type - 90 GSM / 100 GSM Maplitho Art Card 300 GSM
5) No of Copies - 1000 Copies, Addition if required order will be placed in 3 to 6 months.

**Total Value of Book - 1000 Copies.**

1) Per Page extra cost if exceeds
2) 16 pages Glossy 4 colour printing (Including Front & Back)
3) Lable tag 4 colour Size 4"x8" with string riveted & laminated.
4) Cost must inculde stiching, binding, printing, index cutting & plastic cover.
5) D.T.P. 2 Proof Required & 3rd Final Proof to be given.
6) D.T.P. કામ કરવાનું રહેશે, કવર પેજની ૩ ડીઝાઈન આપવાની રહેશે. આ અંગેની વધુ માહિતી સંયોજક શ્રી જસ્મીન શેઠને રૂબરૂમાં સંપર્ક સાધવા વિનંતી.

**તા.ક.** ટેન્ડર કવર ઉપર ટેલીફોન ડીરેકટરી જાહેર ટેન્ડર લખવાની વિનંતી.

**ટેન્ડર સ્વીકારવાની આખર તારીખ ૧૦-૮-૨૦૧૪**

કવર સીલ કરી સંસ્થાની ઓફીસમાં સંસ્થાના સમય દરમ્યાન પહોંચાડવાનું રહેશે.

મેનેજીંગ કમિટીને ટેન્ડર Accept / Reject કરવાનો ફાઈનલ હક્ક રહેશે.

**મંત્રી**
**શ્રી ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાળા)**

**સંયોજક / સહમંત્રી**
**શ્રી જસ્મીન બીપીન શેઠ (અત્તરવાલા)**

# SHREE BALASINOR NAVYUVAK SANGH

**ELEVENTH TELEPHONE DIRECTORY (2014)**

**SPONSORED BY**

## SHRI RAMANLAL CHANDULAL MODY (CHOUDHARI)

| | | | |
|---|---|---|---|
| **VASTI PATRAK No.** | | **KHIJ** | |
| **COUNTRY** | | **CITY** | |

**FULL NAME**

| | | |
|---|---|---|
| | | |
| SURNAME | NAME | MIDDLE NAME |

**CONTACT DETAILS**

| **OFFICE** | **RESIDENCE** | **MOBILE NO.** | **SPOUSE MOBILE NO.** |
|---|---|---|---|
| 1 | 1 | | |
| 2 | E-MAIL ID | | |

**ONLY FOR OUT CASTE MARRIED DAUGHTER'S FATHER NAME WITH KHIJ**

**FULL NAME**

| | | |
|---|---|---|
| | | |
| SURNAME | NAME | MIDDLE NAME |

**FORMS DULY FILLED UP SHOULD BE SENT ON OR BEFORE 31st AUGUST, 2014.**

**NOTE :-** ➡ *Form must be filled in* capital letters with good handwriting.

➡ Married son has to fill up a separate form.

➡ Email address is only for BNS database which will not be published.

| | | |
|---|---|---|
| Shri Jasmine Bipin Sheth (Attarwala)<br>9820830060<br>**CONVENOR / JT SECRETARY** | Shri Bhavesh Bipin Modi (Thasarawala)<br>8879422304<br>**SECRETARY** | <br><br>SIGNATURE |

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી રજનીકાન્ત કાંતિલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત

## ૬૩મો વાર્ષિક રસોત્સવ

આપ સૌને જણાવતાં આનંદ થાય છે કે આ વર્ષે

**શ્રી દિનેશચંદ્ર ચીમનલાલ પરીખ (રાઠોડીયા)**

રસોત્સવમાં મુખ્ય મહેમાન પદ શોભાવશે.

આગળ જણાવ્યા મુજબ રસોત્સવ

**તા. ૨-૧૧-૨૦૧૪ના રોજ રવિવારે સવારે ૯.૩૦ કલાકે**

**બિરલા માતૃશ્રી સભાગૃહ (મરીન લાઈન્સ)** ખાતે યોજવામાં આવ્યો છે.

**મંત્રી - ભાવેશ બીપીન મોદી** **સંયોજક - સમીર જયેન્દ્ર ગાંધી**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**ગિરિ પૂજા 'કોકીલાબેન પ્રવિણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)**

## જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થીભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતિની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરિઆતમંદ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ સંપૂર્ણ વિગતો વાલીની સહી લઈ ઓફિસમાં તા. ૧૫.૯.૨૦૧૪ પહેલા આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય. આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરિયાતવાળાઓ તેનો અવશ્ય લાભ લેશે તેવી આશા.

ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળ : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસે. ઓફિસ સમય દરમ્યાન (સોમ થી શનિ) બુધવાર સિવાય બપોરે ૩ થી ૭ રવિવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી. અને શ્રી બાલાસિનોર પ્રગતી સમાજની ઓફિસે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી (સોમ થી શનિ). ફોર્મ સાથે ઝેરોક્ષ માર્કશીટ અને ફી રીસીપ્ટ આપવી જરૂરી છે.

**મંત્રી - ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક - દિપક નવનીતલાલ શાહ (ખડગોધરવાળા)**

## અલવિદા પ્રમુખશ્રી !



**શ્રી રસિકલાલ મણિલાલ લાકડાવાળા**

છેલ્લાં છ વર્ષથી શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળના પ્રમુખ અને બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટનાં ચેરમેન શ્રી રસિકલાલ મણિલાલ લાકડાવાળા, તા. ૨૭-૬-૧૪નાં રોજ આપણી વચ્ચેથી વિદાયમાન થયા છે. તેમના કાર્યકાળ દરમ્યાન મુરબ્બી શ્રી રસિકભાઈ લાકડાવાળાએ વ્યક્તિગત કુનેહ અને ગતિશીલ કાર્યછટાથી મંડળને એક નવી ઉંચાઈ બક્ષી. સમાજમાં ઓછાં પ્રચલિત એવા મંડળને નવી નવી યોજનાઓ થકી જાહેરપ્રકાશમાં લાવવામાં તેમનાં પ્રયત્નો સફળ રહ્યા છે. સર્વ શક્તિમાન કાળ સામે સદેહે કોઈ અમર નથી રહી શક્યું, પણ સમાજ ઘડતરનાં પ્રયાસો અને ઉપલબ્ધિઓ થકી મુરબ્બી શ્રી રસિકભાઈ લાકડાવાળા ચીર કાળ સુધી આપણી સ્મૃતિમાં અમર રહેશે. શ્રી રસિકભાઈની નેતૃત્વશૈલીનો વારસો જાળવી મંડળ અને સમાજને પ્રગતિશીલ રાખવાની કટિબદ્ધતાનાં તર્પણ સાથે શ્રી રસિકભાઈ લાકડાવાળાને સો સો સલામના શ્રધ્ધાસુમન !

**શ્રી વાડાસિનોર દશાનિમા વિજ્યોતેજક મંડળ - કારોબારીનાં સભ્યો**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ (સંચાલિત)**
**શ્રીમતી મીનાબેન સુધીર ધારીયા**
**રંગુનવાલાઉપનગર વિભાગ**

શ્રીમતી મણીબેન મણીલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષિક વિતરણ માટે ધો. ૧ થી ૯ ની માર્કશીટની ઝેરોક્ષ કોપી પાછળ એડ્રેસ, ટેલીફોન નંબર લખી સંસ્થાના કોઈપણ કાર્યકર્તાને તા. ૩૦-૮-૧૪ સુધી આપવાની રહેશે અથવા નીચે જણાવેલ વ્યક્તિને આપવી.

(૧) હેમેન્દ્ર શાહ - બોરિવલી
(૨) નીમીષ ગાંધી - કાંદિવલી
(૩) અજય દોશી - અંધેરી
(૪) સંસ્થાની ઓફીસ - મુંબઈ

**સંયોજકઃ હેમેન્દ્ર આર શાહ**
**મંત્રી ભાવેશ બી. મોદી**

## કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓનું સમુહ ભોજન (વર્ષ ૪૦મું)

કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓનું સમુહ ભોજન તા. ૩૧-૮-૨૦૧૪ના રવિવારના રોજ રાખેલ છે. કાંદિવલીમાં વસતા તમામ બાલાસિનોરવાસીઓને સવારે ૧૧ કલાકે સમુહભોજન માટે નીચેના સ્થળે પધારવા વિનંતી છે.

સ્થળઃ કેવલ બાગ, શંકરગલી, ફ્લાયઓવરની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭

નોંધઃ કાંદિવલીમાં નવા રહેવા આવેલા સર્વેને સમુહભોજનમાં પધારવા વિનંતી છે.

## SHREE BALASINOR NAVYUVAK SANGH
# MANAGING COMMITTEE 2014 - 2015

| SR NO | | NAME OF POST | RES NO | OFF NO | MOBILE |
|---|---|---|---|---|---|
| 1 | SHRI KALPESH SURESH DHARIA | PRESIDENT | 24384854 | 22081011 | 9820183907 |
| 2 | SHRI SAUMIL JITENDRA MODY | VICE-PRESIDENT | 23803136 | 23400502 | 9920213426 |
| 3 | SHRI BHAVESH BIPIN MODI | SECRETARY | 23531917 | 22060009 | 8879422304 |
| 4 | SHRI JASMINE BIPIN SHETH | JT.SECRATARY | 66333085 | 66378381 | 9820830060 |
| 5 | SHRI NILESH NAVNITLAL SHAH | JT.SECRATARY | 28926491 | 22088965 | 8082432301 |
| 6 | SHRI NIKESH JAYENDRA GANDHI | TREASURER | 32976469 | 22080370 | 9820496534 |
| 7 | SHRI RAJENDRA KIRTANLAL DESAI | HON. MEMBER | 23800762 | 66370721 | 9820080194 |
| 8 | SHRI YOGESH RAMNIKLAL DHARIA | HON. MEMBER | 23885131 | 22065992 | 9821544950 |
| 9 | SHRI DAXESH BABULAL KADAKIA | HON. MEMBER | 23868430 | 23439958 | 9833176158 |
| 10 | SHRI VRAJESH NAVNITLAL DESAI | HON. MEMBER | 23840527 | 66337259 | 9820039304 |
| 11 | SHRI JITENDRA PRAVINCHANDRA PAREKH | MEMBER | 23868179 | 22051994 | 9869002440 |
| 12 | SHRI KIRTI HIRALAL KADAKIA | MEMBER | 23857689 | 22053476 | 9821029270 |
| 13 | SHRI SANJAY JAYANTILAL SHAH | MEMBER | 23512472 | 23751837 | 9820341370 |
| 14 | SHRI SAMIR JAYENDRA GANDHI | MEMBER | 32976469 | 22060294 | 9821234306 |
| 15 | SHRI SAMIR PRAVINCHANDRA DHARIA | MEMBER | 23875380 | 23445251 | 9870716852 |
| 16 | SHRI HEMENDRA RAMANLAL SHAH | MEMBER | 28050735 | 23447382 | 9820011586 |
| 17 | SHRI BHARAT KANTILAL PARIKH | MEMBER | 28703142 | | 9869126018 |
| 18 | SHRI AJAY PRAVINCHANDRA DOSHI | MEMBER | 26203174 | 23864479 | 9819342856 |
| 19 | SHRI GOPAL RAMANLAL KADAKIA | MEMBER | 28071406 | 22089138 | 9819507452 |
| 20 | SHRI NIMESH BABULAL GANDHI | MEMBER | 28076188 | 28076188 | 9821164731 |
| 21 | SHRI AJIT NATVERLAL MODI | MEMBER | 28691185 | 22055166 | 9869029486 |
| 22 | SHRI DIXIT KIRTANLAL PARIKH | MEMBER | 28100112 | 22074489 | 9869003359 |
| 23 | SHRI SUNIL NAVINCHANDRA MODY | MEMBER | 28615703 | 66332101 | 9820120649 |
| 24 | SHRI CHIRAG CHANDRAKANT PARIKH | MEMBER | 23648483 | 23444157 | 9821574856 |
| 25 | SHRI JAGDISH SHANTILAL PARIKH | MEMBER | 22019506 | 23871797 | 9821418341 |
| 26 | SHRI ALPESH YOGENDRA DHARIA | MEMBER | 23694735 | 23421765 | 9833867601 |
| 27 | SHRI DEEPAK NAVNITLAL SHAH | CO-OPT MEMBER | 23864169 | 22079442 | 9820579155 |
| 28 | SHRI CHANDRESH PRAVINCHANDRA KADAKIA | CO-OPT MEMBER | 23886211 | 22018326 | 9322301024 |
| 29 | SHRI DAXESH SOMALAL PARIKH | CO-OPT MEMBER | 28078364 | 22909866 | 9820341430 |
| 30 | SHRI JIGAR MANIKANT KADAKIA | CO-OPT MEMBER | 28871396 | 23413538 | 9820331535 |
| 31 | SMT SOHINI YOGESH KADAKIA | MAHILA VIBHAG | 23693044 | | 9820356359 |
| 32 | SHRI NIKHIL BABULAL PARIKH | EDITOR | 23822510 | 0250-2453132 | 9821326432 |

| Name Of The Activity | Name of Convenor |
| --- | --- |
| Smt Chandanben Manilal Doshi Health Scheme<br>Smt Taraben Kirtanlal Lallubhai Desai Hospital Aid Scheme<br>By Pass Surgery Ujas Anish Gandhi Haste Anish Surendra Gandhi<br>Cancer Treatment Kamlaben Chimanlal Dharia Haste Shri Sudhirbhai Chimanlal Dharia (Rangoonwala)<br>Cataract Operation Smt. Subhadraben Navinchandra Shah & Shri Niranjan Modi (Kolkattawala)<br>Haste Shri Navinchandra Chimanlal Shah (Menpurawala)<br>Kindney Dieseas Kumudben Chabildas Sheth Haste Sujata Sachin Sheth. | Shri Chandresh Pravinchandra Kadakia |
| Shreeji Mediclaim Yojna | Shri Nilesh Navnitlal Shah |
| Shri Rasiklal Chandulal Parikh (Sarkar) Note Book Aid Scheme<br>Shri Manojbhai & Ambrish Bhai Kacharia Concessional Rate Note Book Scheme | Shri Ajay Pravinchandra Doshi |
| Smt Maniben Ramanlal Mody (Bhatti) Text Book Scheme<br>Text Book Scheme For Post-graduation Shri Kanchanlal Chhotalal Gandhi (Surti) & Family.<br>Text Book Scheme for Std XI to Graduation<br>Smt Nutan Akshay Parikh (Bakhli) Haste Shivani Akshay Parikh.<br>Text Book Scheme For Medical & Engineering Shri Manojbhai Pravinchandra Kacheria.<br>Text Book Scheme For Professional Courses In Memory Of Matushri Maniben &<br>Father Vallabdas Garbaddas Gandhi Haste Kokilaben .s. Modi Courtesy Manikoshi | Shri Jagdish Shantilal Parikh |
| Shri Rajnikant Kantilal Kadakia (Dhariwala)<br>Sponsored Annual Rasotsav Convener | Shri Samir Jayendra Gandhi |
| Giripuja Kokilaben Pravinchandra Poonamchand Binchunilal Kadakia<br>(Vallabhghella) Janta Fees Sahay Yojna | Shri Dipak Navnitlal Shah |
| Dr Babulal Mohanlal Parikh (Vakil)Diwali Parva Aarthik Rahat Scheme | Shri Ajit Natverlal Mody |
| Smt Manjulaben Shantilal Mehta (Dhariwala) Computer Education Scheme | Shri Alpesh Yogendra Dharia |
| Shri Surendra Parikh (Surendra Engineering Corporation) /<br>Shri Daxeshbhai And Minishbhai (M/S Kadakia Enterprises) Indoor Sports Scheme | Shri Sanjay Jayantilal Shah |
| Smt Meenaben Sudhir Dharia (Rangoonwala) Upnagar Vibhag | Shri Hemendra Ramanlal Shah |
| Membership Management Scheme | Shri Samir Jayendra Gandhi |
| Smt Shantaben Shantilal Shah (Choksi) Educational Prize Distribution | Shri Jasmine Bipin Sheth |
| Smt Shantaben Kantilal Lalchand Doshi Sponsored Mahila Vibhag | Smt. Sohini Yogesh Kadakia |
| Shri Natverbhai Mody (Jansathi) Sponsored B.n.s. Jansathi Trophy<br>Shri Dilipbhai Muljibhai Dharia(lalhha) Sponsored B.n.s Lalkha Trophy<br>Shri Dilipbhai Muljibhai Dharia(lalhha) & Shri Rupin Poonamchand Kadakia(bera)<br>Jointly Sponsored B.n.s Lalkha Bera T20 League | Shri Chirag Chandrakant Parikh |
| Shri Ramanlal Chandulal Mody (Choudhary)<br>Sponsored Telephon Directory. | Shri Jasmin Bipin Sheth |

શ્રી બા.ન. સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

### અંતાક્ષરીનો અહેવાલ

મહિલા વિભાગ દ્વારા તા. ૧૭-૬-૧૪ને મંગળવારે માધવબાગ સી.પી.ટેન્કમાં અંતાક્ષરીનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમારા આશ્ચર્ય વચ્ચે બહેનોના એક ગ્રુપમાં ૬ એવા પચ્ચીસ ગ્રુપે ભાગ લીધો હતો. આપણે સહુ જાણીએ છીએ કે આ પ્રકારના મેમ્બર્સના કાર્યક્રમોનું આયોજન ખૂબજ મહેનત માંગી લે છે તેમજ તેનું બજેટ પણ મોટું હોય છે. આપણા સમાજમાં સારા કાર્યો તથા કાર્યક્રમો માટે ઉદારદિલ દાતાઓ સહયોગ આપવા હંમેશા તત્પર હોય છે અમને જણાવતા આનંદ થાય છે કે આ કાર્યક્રમ માટે શ્રીમતી મીનાબેન અમરીશ કચેરીયા તરફથી મહિલા વિભાગને રૂા.૧૫,૦૦૦/- તથા એક વૈષ્ણવ તરફથી રૂા. ૧૦,૦૦૦/- મળ્યા હતા. એ બદલ મહિલા વિભાગ તેમનો તથા તેમના કુટુંબીજનોનો આભાર માને છે.

કાર્યક્રમની સફળતાનો મુખ્ય આધાર કાર્યક્રમનું સંચાલન કરનાર પર નિર્ભર કરે છે. શ્રી ફુલરાજ બેદીએ પોતાની આગવી, હળવી શૈલીથી કાર્યક્રમને ખૂબ જ રસપ્રદ હાસ્યસભર અને મનોરંજક બનાવ્યો હતો. અંતાક્ષરીમાં ભાગ લેનાર સહુ બહેનોએ દિલથી આ કાર્યક્રમ માણ્યો હતો તથા હાજર રહેનાર સહુ બહેનોએ તાળીના ગડગડાટથી કાર્યક્રમને વધાવ્યો હતો. ફુલરાજજીએ ફાળવેલ સમય કરતાં પણ વધુ સમય આપ્યો એ એક કલાકાર તરીકેની તેમની ઉમદા ભાવનાના દર્શન થાય છે.

૬ ગ્રુપનો એક એવા પાંચ રાઉન્ડમાં અંતાક્ષરી રમાડવામાં આવી હતી. દરેક ગ્રુપમાંથી એક ગ્રુપ ફાઈનલ રાઉન્ડ માટે Select કરવામાં આવ્યું હતું. Final round માં આવેલ દરેક ગ્રુપ ને Prize આપવામાં આવ્યા હતા. દરેક ભાગ લેનાર બહેનોને Gift આપવામાં આવી હતી.

### ઓગસ્ટ મહિનાનો કાર્યક્રમ

તા. ૩૧ ઓગસ્ટ રવિવારે બપોરે ૨.૩૦ વાગે પ્રેમપૂરી આશ્રમમાં પરમ પૂજનીય ૧૦૮ શ્રી યદુનાથજી મહોદય (કડીવાળા) પધારી વચનામૃત કરશે. કાર્યક્રમ રવિવારે હોવાથી ભાઈઓ પણ પ્રેમપૂરીમાં આવી બાવાશ્રીના વચનામૃતનો લાભ લઈ શકશે.

**સોહિણી કડકિયા**
**સંયોજક મહિલા વિભાગ**
**૯૮૨૦૩૫૬૩૫૯**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# ૬૪મી વાર્ષિક સામાન્ય સભા

૬૪મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૯-૬-૨૦૧૪ રવિવારના રોજ સાંજે ૫ કલાકે સંસ્થાના પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

આપણી પુસ્તક યોજના હેઠળ ચાલતી યોજના શ્રીમતી નુતનબેન અક્ષયભાઈ પરીખ (બખલી) XI STD To Graduation નું અવસાન અને શ્રી રસીકલાલ મણીલાલ પરીખ (લાકડાવાલા) એક વર્ષના વાર્ષિક સામાન્ય સભાના પ્રમુખનું અવસાન થયું હતું. તેઓને પ્રમુખશ્રી સૌ હાજર રહેલા સભ્યો સાથે બે મિનીટનું મૌન ધરીને શ્રદ્ધાંજલી અર્પિત કરી હતી.

સંસ્થાના સહમંત્રી શ્રી જસ્મીન શેઠ ગત ૬૩મી વાર્ષિક સામાન્ય સભાનું કાર્યનોધનું વાંચન કર્યુ હતું અને ઠરાવ દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ વર્ષ ૨૦૧૩-૨૦૧૪ના કાર્યનો અહેવાલ રજુ કર્યો હતો જે સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના ખજાનચી શ્રી નીકેશ ગાંધીએ વર્ષ ૨૦૧૩-૧૪ના હિસાબ રજુ કર્યો હતો તે સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે સંસ્થાના ઓડીટ તરીકે આઈ.ઓ.ધારીઆની નિમણુક કરવામાં આવી હતી અને જે સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યું હતું જેમા તેમનું માનદ્ મહેનતાણુ નક્કી કરવાની સત્તા કારોબારીને આપવામાં આવી હતી.

સંસ્થાના પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆએ શ્રીમતી શાંતાબેન શાંતીલાલ શાહ (ચોક્સી) પ્રાથમિક તથા ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓને તેમની ગુણવત્તા મુજબ ઈનામોનું વિતરણ કર્યુ હતું.

શ્રી સુરેન્દ્રભાઈ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) અને શ્રી દક્ષેશભાઈ, શ્રી મીનીષભાઈ (કડકીઆ એન્ટરપ્રાઈઝીસ) આંતરીક રમત ગમતના વિજેતાઓને પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆના હાથે વિતરણ કરવામા આવ્યું હતું.

હાજર રહેલા સભ્યોએ નવયુવક સંઘના સંચાલન અંગે વિવિધ પ્રશ્નો તથા સુચનો કર્યા હતા જેના સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા.

પ્રમુખશ્રીએ આભારમાની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ - બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

## અનુકરણીય દાન

ચાલુ માસ દરમ્યાન મંડળને નીચે મુજબ દાન મળેલ છે.

૧. સ્વ. શ્રી નવિનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી)નાં સ્મરણાર્થે શ્રીમતી શીલાબહેન બંકીમભાઈ શ્રોફ તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- (રૂા. એક લાખ)નું દાન પ્રાપ્ત થયેલ છે.

મંડળ દાતાશ્રીઓનો અને તેમનાં પરિવારનો હૃદયપૂર્વક આભાર માને છે.

## શ્રી વાડાસિનૉર દશાનીમા વિદ્યૉતેજક મંડળ

મંડળની ૯૦મી વાર્ષિક સામાન્ય સભા ૨૧મી સપ્ટેમ્બર ૨૦૧૪ રવિવારના રોજ સવારે ૧૦ કલાકે રમા વાટુમલ ઓડિટોરીયમ (કે.સી.કોલેજ-ચર્ચગેટ), મુંબઈ - ૨૦ ખાતે આયોજિત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે શ્રીમતી હંસાબહેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબહેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર) પુરસ્કૃત **TALENT APPRECIATION SCHEME** ના ઉપક્રમે, વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના, શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે.

**વાડસોલ કર્મવીર :** મંડળને અવિરત ૫૧ વર્ષ, સંનિષ્ઠ અને કાર્યદક્ષ સેવા આપી માર્ગદર્શક ભુમિકા ભજવનાર દાતાશ્રી નટરવલાલ ચંદુલાલ પરીખ (વોરા)ની પ્રેરક સ્મૃતિ રૂપે 'વાડસોલ કર્મવીર' સન્માન પદક આપવામાં આવે છે. જે અન્વયે આ વર્ષે, આપણા સમાજની વિવિધ સંસ્થાઓને દીર્ઘકાલિન કાર્યક્ષમ રાહબરી પુરી પાડનાર કાર્યકર્તા તેમજ જ્યોતિપુંજનાં **પ્રથમ તંત્રી શ્રી પ્રવીણ સાંકરલાલ દેસાઈ**ની સેવાઓને 'વાડસોલ કર્મવીર' સન્માન થી ગૌરવાન્વિત કરાશે.

**માનદ્ મંત્રીઓ : મંજુલ શૈલેષ ધારીઆ - જસ્મીન બીપીન શેઠ**

---

**અચ્છે દિન આનેવાલે હૈ**

**વિરાટ કોહેલી - એ.આર.રહેમાન - સોનુ નિગમ - શ્રેયા ઘોષાલ - રણબીર કપૂર**

**જેવાં કલાવંતો અને રમતવીરો કે અન્ય કોઈપણ પ્રકારની અસાધરણ પ્રતિભા ધરાવનાર વાડાસિનોર દશાનીમા વણિક સમાજનાં નામી અનામી તારલાંઓને જાહેર નિમંત્રણ, આપની ઉપલબ્ધિઓથી અમને વાકેફ કરો. આપની ઉપલબ્ધિઓને**

**શ્રીમતી હંસાબહેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબહેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર) પુરસ્કૃત**

## TALENT APPRECIATION SCHEME

અન્વયે સમાજ સમક્ષ પ્રકાશિત કરી, આપનું અને સમાજનું ગુણ ગૌરવ કરવાની અમને તક આપો.

આપની ઉપલબદ્ધિઓ, આપનાં અને આપનાં કુટુંબીજનો માટે તો ગૌરવપ્રદ બની જ રહેશે, સાથે સાથે સમાજજનો અને ભાવિ પેઢી માટે પણ પ્રેરકબળ બની રહેશે.

અમે આશા રાખીએ કે આ જાહેરાતનાં દરેક વાંચક, પોતાનાં સંબંધોનાં વર્તુળમાં આવાં કોઈપણ તારલાં હોય તો એ વિષે અમને જાણ કરે અથવા તો તેઓને અમારા સુધી પહોંચવા પ્રોત્સાહિત કરે.

વાડાસિનોર દશાનીમા વણિક સમાજની દરેક દિકરીઓ અને તેમના સંતાનોની ઉપલબ્ધિઓ પણ સન્માન ને પાત્ર છે.

**માનદ્મંત્રીઓ**

**શ્રી મંજુલ શૈલેશ ધારીઆ - ૯૮૨૦૧૩૫૦૧૪** **શ્રી જસ્મીન બિપીન શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦**

# કે.એમ.જી.જનરલ હોસ્પિટલ, બાલાસિનોર

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

(૧) **શ્રી નગીનદાસ લાલચંદ પારેખ હાર્ટકેમ્પઃ** તા. ૮-૬-૧૪ને રવિવારના રોજ હાર્ટકેમ્પ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૯૦ દર્દીઓએ લાભ લીધેલ. તમામના ઈસીજી ફ્રી કરવામાં આવેલ. ૫૮ દરદીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ. બાર દર્દીઓને એન્જીયોગ્રાફી કરવાની સલાહ આપવામાં આવેલ. જરૂરીયાતવાળા દર્દીઓને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં ડૉ. ભુપેશભાઈ ડી. શાહ (કાર્ડીયાક સર્જન) તથા તેઓની ટીમે સેવાઓ આપેલ.

(૨) **શ્રીમતી તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પઃ** તા. ૧૭-૬-૧૪ તથા ૧૮-૬-૧૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં આઠ વિવિધ વિભાગોના કુલ ૬૬૦ દર્દીઓએ લાભ લીધેલ. જરૂરીયાતવાળા તમામ દર્દીઓને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

(૩) **શ્રીમતી ભારતીબેન અશોક કાંતિલાલ પરીખ (તાતીયા) શ્વાસના રોગોનો નિદાન કેમ્પઃ** આ કેમ્પમાં કુલ ૪૦ દર્દીઓના પી.એફ.ટી. ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ.

(૪) **શ્રીમતી કલાવતીબેન કાંતિલાલ અને કાંતિલાલ સાંકરલાલ મહેતા સ્ત્રીરોગ નિદાન તથા ઓપરેશન કેમ્પઃ** તા. ૨૦અને ૨૧ જૂન ૨૦૧૪ના રોજ આપવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૯૪ દર્દીઓ નોંધાયેલા. તમામને તપાસી જરૂરીયાતવાળા દર્દીઓને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. જરૂરીયાતવાળા દર્દીઓમાં બીપીએલ કાર્ડધારકને વિનામૂલ્યે તથા મધ્યમ વર્ગના દર્દીઓને રાહતદરથી ઓપરેશન કરવામાં આવશે.

શ્રી કે.એમ.જી.જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ તથા શ્રી બાલાસિનોર સેવા સમાજની વાર્ષિક સામાન્ય સભા બુધવાર તા. ૨૭-૮-૧૪ના રોજ સાંજે ૬.૩૦ કલાકે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ ખાતે શ્રીમતી સુભદ્રાબેન નવિનચંદ્ર શાહ (કોલકત્તાવાળા) સભાગૃહમાં યોજવામાં આવેલ છે. બંન્ને સંસ્થાના સભ્યોને હાજર રહેવા વિનંતી.

(૫) **શ્રી બાલાસિનોર સેવા સમાજની વર્ષ :** ૨૦૧૪-૨૦૧૯ માટે ૧ પ્રમુખશ્રી, ૧૦ દાતા ટ્રસ્ટીઓ, ૭ ટ્રસ્ટીઓ અને ૧૧ કાર્યવાહક સમિતિના ટ્રસ્ટીઓ મળી કુલ ૨૯ જણાની ચુંટણી કરવામાં આવશે. આ માટેના ઉમેદવારી પત્રકો ટ્રસ્ટની મુંબઈ ખાતેની નિયામક કચેરી (પુષ્ટિ ઈલેકટ્રીકલ્સ (પ્રા.)લી, ૧૭, રતનશી ચાંપશી મામા માર્ગ, મુંબઈ ફોનઃ ૨૨૦૬ ૬૨૩૦/૨૨૦૬ ૫૭૨૬/૨૨૦૮ ૭૪૨૯) એથી તા. ૨૬-૭-૧૪ સુધીમાં મેળવી ઉમેદવારીપત્રકો તા. ૩૦-૭-૧૪ સુધીમાં સીલબંધ કવરમાં પહોંચાડવાના રહેશે. ઉમેદવારીપત્રકો પાછા ખેંચવાની તારીખ ૧-૮-૧૪ સુધી રહેશે.

બાલાસિનોર ખાતેના ઉમેદવારી પત્રકો કે.એમ.જી.જનરલ હોસ્પિટલના મંત્રીશ્રી પાસેથી મળી શકશે.

**ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાનઃ**

શ્રી સચિન પ્રવિણચંદ્ર ગાંધી તરફથી રૂા. ૫૧,૦૦૦/- નું દાન તેઓના જીવનના હીરક મહોત્સવ પ્રસંગે મળેલ છે. સંસ્થા વતી દાતાશ્રીનો ખૂબખૂબ આભાર માનવામાં આવેલ છે.

**માનદ્મંત્રીઓ - શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીન પરીખ**

# બાલાસિનોર વિદ્યામંડળ

## અનુકરણીય દાન

(૧) આપણી સંસ્થાને એક અતિ ભાવનાશીલ ઉમદા વિચારો ધરાવતા સંપન્ન દંપતી તરફથી રૂા. ૬૦,૦૦૦/- અંકે રૂા. સાઠ હજારનું માતબર દાન આગામી સિવણના નિઃશુલ્ક સર્ટીફીકેટ કોર્સ માટે દસ સિવણના મશીનો લાવવા માટે મળ્યું છે. ગુજરાત રાજ્યના આ કોર્સ અંતર્ગત બહેનો નિઃશુલ્ક Tailoring Course માં સિવણનું શિક્ષણ તથા પરીક્ષામાં ઉત્તીર્ણ થયે સર્ટીફીકેટ મેળવશે. આ માટેની સંપૂર્ણ પ્રક્રિયા થઈ ગઈ છે. અને સરકાર તરફથી ફક્ત મંજૂરી મળવાની બાકી છે. આ વર્ગોની શરૂઆત કોલેજના કેમ્પસ થી શરૂ કરી સારો પ્રતિસાદ મળતા આપણા ગામમાં બજાર મધ્યે પણ શરૂ કરવામાં આવશે.

(૨) સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦/- અંકે રૂા. એક લાખનું માતબર દાન શ્રીમતી મણીબેન પુનમચંદ શાહની મધુરયાદમાં તેમના સુપુત્ર શ્રી દીલીપભાઈ પુનમચંદ શાહ (USA) તરફથી શ્રી દીનેશભાઈ પુનમચંદ શાહના હસ્તક કોલેજની બુક બેંક માટે પ્રાપ્ત થયું છે. આ રકમના વ્યાજમાંથી કોલેજની વિશાળ લાઈબ્રેરીમાં વિદ્યાર્થીઓ માટે પુસ્તક ખરીદવામાં આવશે જે તેઓને વર્ષ દરમ્યાન અભ્યાસ માટે લોન પેટે મળશે અને વર્ષ પુરુ થયે પાછા કોલેજ લાયબ્રેરીને પરત કરવાની ફરજ પડશે.

**તમારી જાત પાસે કામ લેવું હોય તો**
**મગજનો ઉપયોગ કરજો**
**અન્ય પાસેથી કામ લેવા**
**હૃદયનો ઉપયોગ કરજો**

સંસ્થા તથા સૌ કારોબારી સભ્યો બંને દાતા પરિવારોનો જાહેરમાં આભાર માને છે અને તેમના ઋણ સ્વીકાર સાથે પરમકૃપાળુ પરમાત્માને બંને દાતા પરિવારના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

**- લી. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી**

તા.ક. (૧) નવા સત્રથી કોલેજમાં વિદ્યાર્થીઓ માટે On line Admission પ્રક્રિયા શરૂ થી ગઈ છે અને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે.

(૨) શૈક્ષણિક કેલેન્ડર, વિવિધ પ્રવૃત્તિઓ તથા કોલેજની સુવિધાઓ અંગેની માહિતી કોલેજની વેબસાઈટ પર અપલોડ થઈ ગઈ છે.

(૩) કોલેજ સતત પ્રગતિના રાહ પર આગળ ધપી રહી છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૧લી બેઠક તા. ૨૯-૬-૨૦૧૪ના રોજ રવિવારે સાંજે ૬.૩૦ કલાકે શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

પ્રમુખશ્રીએ ૧૧મી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

પ્રમુખશ્રીએ ઉપપ્રમુખ માટે શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી, મંત્રી માટે શ્રી ભાવેશ બીપીન મોદી, સહમંત્રી માટે શ્રી જસ્મીન બીપીન શેઠ તથા શ્રી નીલેશ નવનીતલાલ શાહ, ખજાનચી માટે શ્રી નીકેશ જયેન્દ્ર ગાંધી તથા તંત્રી માટે શ્રી નીખીલ બાબુલાલ પરીખના નામની જાહેરાત કરી હતી તે સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યું હતું.

પ્રમુખશ્રી વિવિધ પેટા સમિતિના સંયોજકના નામોની રજુઆત કરી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ જાહેરાત કરી હતી કે અજીત નટવરલાલ મોદી હસ્તે શ્રી દીપેશ અજીત મોદી તરફથી રૂા. ૧૧,૦૦૧/- નું માતબર દાન પ્રાપ્ત થયુ છે સંસ્થા વતી તેઓને અભિનંદન.

કુલ ૪ લીવની અરજીઓ આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી આભારમાની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી શ્રી ભાવેશ બીપીન મોદી**

## તકેદારી

વરસાદમાં પાણીજન્ય રોગોનું પ્રમાણ વધતું હોવાને લીધે પાણી ઉકાળીને, ફટકડી ફેરવીને પીવું હિતાવહ છે. આ ઋતુમાં મંદાગ્ની થતો હોવાને લીધે ખોરાક સપ્રમાણ, થોડોક ઓછો, તાજો અને હુંફાળો ખાવાનો આગ્રહ રાખવો. ખાવા-પીવાની વસ્તુઓમાં તુલસી, ફુદીનો, આદુનો ઉપયોગ આ ઋતુમાં વિશેષ કરવો. જાહેર ફરવાના સ્થળો પર બાળકોના મોટા મોટા ગમ્મબુટમાં ચોમાસાના ઝેરી જીવડા, વીંછી, કાનખજુરા, સાપ અંદર આવી ગયા છે કે નહી તેની ખાત્રી કરી બુટ ખંખેરી પછી જ ઉપયોગમાં લેવા.

# પ્રકીર્ણ વિભાગ

## તેજસ્વી તારલાં

**૧) કૃતિ ડૉ. ધવલ મુળજીભાઈ ગાંધી**
12th Sci - 88.92 %
ગર્વમેન્ટ ઓફ મહારાષ્ટ્ર મેડીકલ એજ્યુકેશન અને ટીચર્સ પરીક્ષામાં આખા રીજનમાં ૪૮ મા ક્રમાંકે તથા મહારાષ્ટ્રમાં ૭૩ માં ક્રમાંકે ૭૨૦ માંથી ૬૦૫ માર્ક્સ સાથે ઉત્તીર્ણ થયા છે. KEM Hospital માં એડમિશન મળ્યું છે.

**૨) શાહ ઉર્શિતા નેવીલ**
12th Sci - 88.77 %
ગર્વમેન્ટ ઓફ મહારાષ્ટ્ર મેડીકલ એજ્યુકેશન અને રીસર્ચ પરીક્ષામાં આખા રીજનમાં ૨૦૬માં ક્રક્રમાંકે તથા મહારાષ્ટ્રમાં ૩૫૩માં ક્રમાંકે ૭૨૦ માંથી ૫૩૩ માર્ક્સ સાથે ઉર્તીણ થયા છે. J.J. Hospital માં એડમીશન મળ્યું છે.

**૩) કચેરીયા શૈવલ પ્રજ્ઞેશ**
12th Sic - 91.3 %

**૪) શાહ નિકેશ રાકેશ**
12th Com - 78.46 %

**૫) ચાર્મી હિતેષ કડકીઆ**
12th Com - 90.3 %

**૬) ધ્રુવી રાકેશ ધારીઆ**
10th CBSC - 89.8%

**૭) કડકીઆ રુશાલી આશીષ**
10th - 93 %

**૮) મોદી પાર્થ ભાવેશ**
10th - 91.2 %

**૯) ધારીઆ કૃષ્ણા મનીશ**
10th - 82.4 %

**૧૦) ધારીઆ તન્વી નીરેન**
**10th CBSC. 85.6%**

**ઉત્તીર્ણ થનાર ઉપરોકત સર્વેને સંસ્થા તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ તેમજ અભિનંદન.**

## નવા સરનામા

૧) **પ્રબોધ રસીકલાલ કડકીઆ (હાલોલવાલા)**
સુરભિ કોમ્પલેક્ષ
ટાવર નં. ૨-બી, ૬૦૨, છઠ્ઠેમાળે
સાઈનગર, એમ.જી.ક્રોસ રોડ નં.૧
કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ - ૬૭
ફોન : ૨૮૦૮૯૪૨૧
મોબાઈલ : ૯૮૯૨૧૫૨૧૮૨,
૯૯૮૭૩૯૨૦૮૫


2) **Dinesh M. Kadakia**
J-401, Kanha Gold,
Near Darshan Green
Waghodia Dabhoi Ring Road,
Baroda - 390025.
Tel: 02652580109 / 09408343390
2) Aakash D. Kadakia
Cell No: 09825853111

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| બાબુલાલ ચંદુલાલ મોદી | ૮૦ |
| શાંતાબેન શાંતીલાલ પરીખ (તાતીયા) | ૮૬ |
| નુતન અક્ષય પરીખ (બખલી) | ૫૬ |
| રસિકભાઈ મણીલાલ પરીખ (લાકડાવાળા) | ૮૪ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**



**રસિકભાઈ મણીલાલ પરીખ**
**(લાકડાવાળા)**
**અવસાન : તા. ૨૭-૬-૧૪**
**ઉંમર - ૮૪**
**ચક્ષુદાન કરેલ છે.**